# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/17569 તા.૦૬/૦૮/૨૦૧૮

પરિપત્ર-૫૮૯

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે સંપૂર્ણ વિશ્વના આદિવાસીઓના સંરક્ષણ અને વિકાસ માટે તેમજ તેઓની વિશિષ્ટ સંસ્કૃતિના જતન માટે તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા, ૯મી ઓગસ્ટ ને "INTERNATIONAL DAY OF WORLD INDIGENIOUS PEOPLE – વિશ્વ આદિવાસી દિન " જાહેર કરેલ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો વિસ્તાર આદિવાસી સમુદાયથી બહુત્વ ધરાવે છે. શ્રી ગોવિંદ ગુરૂ એ આદિવાસીઓને સંગઠિત કરીને અંગ્રેજો સામે વિદ્રોહનો શંખ ફુક્યો હતો. સમાજમાંથી ખોટી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, વેઠપ્રથા, દારૂની બદી વગેરે દુર કરી પ્રજાને શિક્ષણ તરફ વાળી શ્રી ગોવિંદ ગુરૂએ વિશાળ સામાજિક અને શૈક્ષણિક આંદોલન શરૂ કરેલું જેને આજે પણ લોકો "ભગત અંદોલન" તરીકે ઓળખે છે. જેમના બેજોડ ઐતિહાસિક આંદોલનને કારણે રાજ્ય સરકારશ્રી દ્વારા મધ્ય ગુજરાતમા સ્થાપિત આપણી યુનિવર્સિટીનું નામાંકન "શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી" કરવામાં આવ્યું છે. આમ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આગામી ૯ મી ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ "વિશ્વ આદિવાસી દિન" નિમિતે આદિવાસી સંસ્કૃતિને લગતા તેમજ મહાન વિભૂતિ શ્રી ગોવિંદ ગુરૂ ને લગતા વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગી થઇ શકે તે માટે, આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોમાં આગામી તા.૦૯/૦૮/૨૦૧૮ના રોજ શૈક્ષણિક કાર્ય બંધ રાખી રજા જાહેર કરવામાં આવે છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ.
- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો / માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.